ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ/૩૮૦/૦૩૨૦૨૦/ક
રાજય ચૂંટણી આયોગ
બ્લોક નંબર–૯, ૬ ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯ –૦૩–૨૦૨૦

# અખબારી યાદી

રાજય ચૂંટણી આયોગ ધ્વારા રાજયની ૧૩ જિલ્લાની ૧૩ તાલુકા પંચાયતોની ૧૭ બેઠકો અને ૧૩ જિલ્લાની ૧૩ નગરપાલિકાઓની ૨૯ બેઠકોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી માટે મતદાન તા.૨૨–૦૩–૨૦૨૦ અને મતગણતરી તા.૨૪–૦૩–૨૦૨૦ના રોજ યોજવા તા.૨૪–૦૨–૨૦૨૦ ના રોજ જાહેરાત કરવામાં આવેલ છે.

તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોનાવાઈરસ (COVID-19)ને વિશ્વ આરોગ્ય સંસ્થાએ મહામારી જાહેર કરેલ છે. મહામારીની આપત્તિની સંભવિત ગંભીરતાને ધ્યાને લઈ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (ડ) તથા ૨૪૩ (વ,ક) તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની જોગવાઈઓ હેઠળ રાજય ચૂંટણી આયોગે તા.૨૨–૦૩–૨૦૨૦ના રોજ યોજાનાર મતદાન સહિત પેટા ચૂંટણી કાર્યક્રમ મુજબની હવે પછીની તમામ ચૂંટણી પ્રક્રિયા મોકૂફ રાખવા આદેશ કરેલ છે.

મુકત મતદાન માટે પરિસ્થિતિ સામાન્ય થતાં મોકૂફ રાખેલ પેટા ચૂંટણી પ્રક્રિયા હવે પછી નકકી થાય તે કાર્યક્રમ મુજબ હાથ ધરવામાં આવશે.

( મહેશ જોશી )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

**પ્રતિ,**
**માહિતી કમિશ્નરશ્રી,**
**ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર**
નકલ સામેલ છે, રાજયના તથા જિલ્લાના સ્થાનિક અખબારો સહિત બહોળી પ્રસિદ્ધિ ધરાવતાં જુદા જુદા સર્વે વર્તમાનપત્રોમાં આ અખબારી યાદી વિનામૂલ્યે પ્રસિદ્ધ થાય તે જોવા તેમજ ઈલેકટ્રોનિક મીડિયાને સૂચિત કરવા વિનંતી સહ

**નકલ સવિનય રવાનાઃ–**

- મુખ્ય સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેર ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિર્દેશકશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગર

**નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :**

- જિલ્લા ચૂંટણી અધિકારી/જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, ગીરસોમનાથ, દેવ ભૂમિ ધ્વારકા, આણંદ, ખેડા, મહીસાગર, છોટા ઉદેપુર, વલસાડ, ભાવનગર અને દાહોદ. (સર્વે ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને અન્ય સર્વે સબંધિત અધિકારીશ્રીઓ / કચેરીઓ/રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ)
  આ અખબારી યાદીની પણ વિવિધ પ્રસાર માધ્યમો ધ્વારા બહોળી પ્રસિદ્ધિ થાય તે જોવાની વિનંતી સહ
- રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ

**નકલ રવાના :-**

૧. રાજય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર

૨. સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર

૩. સંયુકત કમિશનરશ્રીના અંગત મદદનીશ , રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર

રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯–૦૩–૨૦૨૦

ક્રમાંકઃ રાચઆ–ચટણ–સ્થા.સ્વ.–૩૮૦–૦૩૨૦૨૦–ક

**વંચાણે લીધાઃ–** અત્રેની અખબારી યાદી ક્રમાંકઃ ચટણ/સ્થા.સ્વ/૧૩(૬)/૦૨૨૦૨૦/ક, તા.૨૪–૦૨–૨૦૨૦

**–ઃ આદેશ ઃ–**

રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા રાજ્યની ૧૩ જિલ્લાની ૧૩ તાલુકા પંચાયતોની ૧૭ બેઠકો અને ૧૦ જિલ્લાની ૧૧ નગરપાલિકાઓની ૨૯ બેઠકોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી માટે મતદાન તા.૨૨–૦૩–૨૦૨૦ અને મતગણતરી તા.૨૪–૦૩–૨૦૨૦ના રોજ યોજવા જાહેરાત કરવામાં આવેલ છે.

૨. આ કાર્યક્રમ મુજબ તાલુકા પંચાયતોની ૨ બેઠકો બિનહરીફ થયેલ છે જયારે ૬ બેઠકો ફોર્મ ન ભરાવાથી ખાલી રહેલ છે. તે મુજબ હવે ૭ તાલુકા પંચાયતની ૯ બેઠકો હરીફાઈમાં રહેલ છે. રાજુલા નગરપાલિકાની ૧૮ બેઠકો માટે નામદાર ગુજરાત હાઈકોર્ટે મનાઈ હુકમ આપતાં તેની ચૂંટણી બંધ રાખવામાં આવેલ છે. જેથી ૧૦ નગરપાલિકાઓની ૧૧ બેઠકો હરીફાઈમાં રહેલ છે. ઉમેદવારી પત્ર ભરવાની, ઉમેદવારી પત્રની ચકાસણી કરવાની, હરીફ ઉમેદવારોની યાદી પ્રમાણે મતપત્ર છાપવાની વગેરે કામગીરી પૂર્ણ થયેલ છે. હવે તા.૨૧–૦૩–૨૦૨૦ના રોજ મતદાન મથકો માટેની ચૂંટણી સામગ્રી વિતરણ (ડિસ્પેચીંગ) કરવાની અને તા.૨૨–૦૩–૨૦૨૦ના રોજ મતદાનની પ્રક્રિયા અને તા. ૨૪–૦૩–૨૦૨૦ના રોજ મતગણતરીની પ્રક્રિયા બાકી રહે છે.

૩. દરમ્યાન, તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોનાવાયરસ (COVID-19) સંબંધમાં વિશ્વ આરોગ્ય સંસ્થા ધ્વારા કોરનાવાયરસને મહામારી જાહેર કરેલ છે અને તકેદારીનાં પગલાં લેવા જરૂરી સૂચનો કરેલ છે. જેથી કોરોનાવાયરસના રોગચાળાની પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લેવી આવશ્યક છે.

૪. આ પેટા ચૂંટણીઓમાં મતદાન મથકો ખાતે મતદારો અને લોકો એકઠા થવા ઉપરાંત, મતદાન ઈ.વી.એમ.થી કરવાનું હોવાથી મતદારના હાથ અને આંગળી મતકુટીર અને ઈ.વી.એમ.ના સમ્પર્કમાં આવવાથી આ રોગચાળાનું ઈન્ફેકશન ફેલાવાની શકયતા છે. આ સંજોગોમાં મતદાનનું પ્રમાણ ઘટવાની શકયતા પણ રહે છે. રાજ્ય ચૂંટણી આયોગ મુકત, ન્યાયી, નિર્ભય અને પારદર્શક વાતાવરણમાં ચૂંટણીઓ યોજાય તે જરૂરી માને છે. જેથી હાલ ઉદભવેલ રોગચાળાની પરિસ્થિતિની સંભવિત ગંભીરતા ધ્યાને લેતાં તા.૨૨–૦૩–૨૦૨૦ના રોજ યોજાનાર તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓની પેટા ચૂંટણી યોજવી ઉચિત જણાતી નથી.

૫. ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (ઙ) તથા ૨૪૩ (વક) અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની જોગવાઈઓ મુજબ ચૂંટણીઓ પર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે. તેથી ઉકત રોગચાળાની

પરિસ્થિતિની સંભવિત ગંભીરતા ધ્યાને લેતાં જાહેર આરોગ્યની જાળવણી માટે અને મુકત વાતાવરણમાં મતદાન થઈ શકે તે માટે રાજય ચૂંટણી આયોગ મતદાન અને મતગણતરી સહિતની પેટા ચૂંટણીના જાહેર કરેલ કાર્યક્રમ મુજબની તમામ પ્રક્રિયા બીજો આદેશ ન થાય ત્યાં સુધી મોકુફ રાખવા આદેશ કરે છે.

૬. જિલ્લા / જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીઓએ આ બાબતની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે તથા લાગતાવળગતાઓને જાણ કરવાની રહેશે.

૭. મુકત મતદાન માટે પરિસ્થિતિ સામાન્ય થતાં મોકૂફ રાખેલ પેટા ચૂંટણી પ્રક્રિયા હવે પછી નકકી થાય તે કાર્યક્રમ મુજબ હાથ ધરવાની રહેશે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી

**(મહેશ જોશી)**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**

- ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી ( માન.અધ્યક્ષશ્રીના ધ્યાને મૂકવાની વિનંતી સહ )
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી( માન. મુખ્ય મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ )
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અધિક સચિવશ્રી(માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના ધ્યાને મુકવા વિનંતી સહ)
- સર્વે માન.મંત્રીશ્રીઓ, રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.(માન. મંત્રીશ્રીઓના ધ્યાને મૂકવાની વિનંતી સહ)
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર (માન. વિરોધપક્ષના નેતાશ્રીના ધ્યાને મૂકવા વિનંતી સહ)
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેર ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો (સર્વે ખાતાના વડાઓને તથા સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓને આ અંગેની તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ.)
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ વડાશ્રી, પોલીસ ભવન,ગાંધીનગર
- જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી/જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, ગીરસોમનાથ, દેવ ભૂમિ ધ્વારકા, આણંદ, ખેડા, મહીસાગર, છોટા ઉદેપુર, વલસાડ, ભાવનગર અને દાહોદ. (સર્વે ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને અન્ય સર્વે સબંધિત અધિકારીશ્રીઓ / કચેરીઓ/રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મહીસાગર, છોટા ઉદેપુર, વલસાડ, સુરત, ભાવનગર, દાહોદ, અને ગીરસોમનાથ
- પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, ગીરસોમનાથ, દેવભૂમિ ધ્વારકા, આણંદ, ખેડા, મહીસાગર, છોટા ઉદેપુર, વલસાડ, ભાવનગર, અને દાહોદ.
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ.
- રાજય ચૂંટણી કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ તમામ રાજકીય પક્ષો.
- સીલેકટ ફાઈલ